# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## AHMEDABAD RATHYATRA

અમદાવાદ શહેરમાં આગામી સાત જુલાઈએ યોજાનારી ભગવાન જગન્નાથજીની 147મી રથયાત્રાને ધ્યાનમાં રાખી શહેર પોલીસ સુરક્ષાને લઈ તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહી છે. શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે શહેરના સંવેદનશીલ વિસ્તારોના તમામ અધિકારીઓને સાથે રાખી રથયાત્રાના રૂટ પર ફ્લેગમાર્ચ યોજી હતી. આ અંગે માહિતી આપતા શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે જણાવ્યું કે....

**(બાઈટ –જી. એસ. મલિક, અમદાવાદ શહેર પોલીસ કમિશનર)**

----------------

## RAIN OVER ALL _noon

નૈઋત્યનું ચોમાસુ સમગ્ર રાજ્યમાં જામ્યુ છે. ગઇકાલે રાજ્યનાં 201 તાલુકામાં એકથી છ ઇંચ વરસાદ પડ્યો હતો. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદને પગલે રેડ અલર્ટ આપવામાં આવ્યું છે. આજે સવારથી જ ગીરનાર, માણાવદર, ઉપલેટા, કુતિયાણા સહિત અને વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. તો ખંભાળિયામાં બારે મેઘ ખાંગા થયા હતા.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદની સ્થિતિને જોતા 9 જેટલી NDRFની ટીમો તૈનાત કરાઈ છે. જેમાં નર્મદા, કચ્છ, રાજકોટ, વલસાડ, દેવભૂમિ દ્વારકા, ગીરસોમનાથ, ભાવનગર, અમરેલી અને સુરતમાં ટીમો તૈનાત કરાઈ છે.

હવામાન વિભાગે આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાઠા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપરુ, સુરેન્દ્ર નગર રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, મોરબી દ્વારકા, ગીર સોમનાથ કચ્છ તેમજ દીવમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે કે બોટાદ, ભાવનગર, ભરૂચ, નવસારી, સુરત, વલસાડ, દમણ અને દાદરાનગર નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે.

અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે ખંભાળિયામાં 4 કલાકમાં 5 ઇંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. ખંભાળિયામાં નગર ગેટસ, રામનાથ, સોની બજાર સહિતના વિસ્તારોમાં કેડ સમા પાણી ભરાયા હતા. જેને પગલે વાહનવ્યવહારને અસર થવા પામી હતી. એટલું જ નહીં ખંભાળિયાના અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ હતા. જામનગરમાં તમામ તાલુકાઓમાં વરસાદ પડી રહ્યો છે. રણજીત સાગર ડેમમાં 2 ફૂટ પાણીની આવક થઈ છે.

જામનગરમાં છેલ્લા ચોવિસ કલાકમાં વરસાદની સ્થિતિ જોઈએ તો કાલાવડ માં 81 મિલિમીટર, જામનગરમાં 43 મિલિમીટર, જોડિયામાં 06 મિલીમીટર, ધ્રોલમાં 04 મિલીમીટર, લાલપુરમાં 29 મિલિમીટર, જામ

જોધપુરમાં 38 મિલિમીટર જેટલો વરસાદ નોંધાયો હતો. જામનગર તાલુકાનો વાગાડીયા ડેમ ઓવર ફ્લૉ થયો છે.

દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ છે. તાપીમાં ભારે વરસાદ બાદ ઉકાઈ ડેમમાં પાણીની આવક ચાલુ છે. તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે ઉકાઈ ડેમની સપાટી 305.89 ફૂટ પર પહોંચી છે. હાલ ઉકાઈ ડેમમાં 6 હજાર 362 ક્યૂસેક પાણીની આવક થઈ છે. ડેમમાં હાઇડ્રો મારફતે કેનાલમાં 800 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

તાપીમાં વધતા પાણીને પગલે મહારાષ્ટ્રના હથનુર ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે. હથનુર ડેમમાંથી 1971 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું.

ભરૂચના અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે કે ભરૂચના મોટાભાગના તાલુકાઓમાં વરસાદની સ્થિતિ છે. છેલ્લા 24 કલાકમાં વાત કરીએ તો ભરૂચમાં 4 ઇંચ, ઝગડિયામાં 1.5 ઇંચ, વાગરા 2.5 ઇંચ, જંબુસરમાં 1 ઇંચ અને આમોદમાં 17 મિલિમીટર વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત અંકલેશ્વરમાં 2.5 ઇંચ, હાંસોટમાં 3 ઇંચ, વાલિયામાં 2 ઇંચ, નેત્રંગ 1 ઇંચ વરસાદ ખાબક્યો હતો.

----------------------------

## NATIONAL DOCTORS DAY

દેશભરમાં આજે 'વિંગ્સ એન્ડ સ્ટેથોસ્કોપ્સઃ હીલર્સ ઑફ હોપ' વિષયવસ્તુ સાથે રાષ્ટ્રીય તબીબ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાજિક માધ્યમથી તબીબોને રાષ્ટ્રીય તબીબ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે કારકિર્દી બનાવવા માગતી દીકરીઓ માટે સરકારની મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અમલમાં છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ 19 હજાર 776 વિદ્યાર્થિનીઓને 573.50 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનો લાભ અપાયો છે. વર્ષ 2023-25માં ચાર હજાર 982 તબીબી શાખાની વિદ્યાર્થિનીઓને આ યોજના હેઠળ 171.55 કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા 2 દાયકામાં મેડિકલ કૉલેજની સંખ્યા 10થી વધીને 40એ પહોંચી છે. જ્યારે મેડિકલ બેઠકની સંખ્યા 1 હજાર 275થી વધુ 7 હજાર 50 થઈ છે. રાજ્યના આદિજાતિ જિલ્લાઓમાં પણ હવે મેડિકલ કૉલેજની સુવિધા ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .